## જન્મદિને વધામણી



**અરૂણભાઈ બુચ**
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦




**કમલેશ આર જોષી**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ ગ્રાહક સુરક્ષા સેલ
ફોન : ૨૩૨૨૩૨૫૫
મો. ૯૯૨૫૯ ૭૬૨૧૫



**કાન્તિલાલ સા ભટ્ટ**
ફોન : ૨૩૨૨૩૧૬૦



**વરૂણ ચિરાગભાઈ વ્યાસ**
ફોન : ૨૩૨૩૫૯૮૬



**નારણભાઈ ચુડાસમા**
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧



**ઓમ નીતિનભાઈ ગજ્જર**
મો. ૯૪૨૯૦ ૨૦૯૬૯



**વિઠ્ઠલભાઈ જે પરમાર**
મો. ૯૩૭૪૬ ૯૯૮૦૮



**ઋત્વા ધીરજ પ્રજાપતિ**
મો. ૯૯૨૫૨ ૧૨૧૦૪



**આદિલહુસેન આઈ સૈયદ**





ગાંધીનગર શહેરના પાદરે કાર્યરત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે 'વિ ધ પીપલ' પ્રવચનમાળા અંતર્ગત તાજેતરમાં 'રિયલાઈઝીંગ ડૉ. આંબેડકર્સ ડ્રીમ ઑફ સોશિયલ જસ્ટીસ થ્રુ ધ ઈન્ડિયન કોન્સ્ટીટ્યુશન' વિષયે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. પદ્મભૂષણ ડૉ. સુભાષ સી કશ્યપ દ્વારા આ વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. સૅન્ટર ફૉર કૉન્સ્ટીટ્યુશનલ અને ઍડમિનીસ્ટ્રેટિવ લૉના ડિરેક્ટર અરવિંદ ભાગીએ સંસ્થા અને પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે 'લૅક્સ પોપ્યુલી' પ્રકાશનનું વિમોચન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ડિરેક્ટર પ્રૉ. ડૉ. બિમલ ઍન પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને રજિસ્ટ્રાર ડૉ. થૉમસ મેથ્યુ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# ફોરેન્સીક યુનિવર્સિટી ખાતે આજથી બે દિવસીય સેમિનાર

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સોમવાર, તા. ૪ એપ્રિલથી બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. 'Envisioning the Brain mind - a Multidisciplinary Approach' થીમ આધારિત આ બે દિવસીય કોન્ફરન્સનું આયોજન ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવિયરલ સાયન્સ, ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા બાળ સંરક્ષણ સોસાયટી અને યુનિસેફના ઉપક્રમે કરવામાં આવ્યું છે. કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન સોમવારે સવારે ૧૦.૨૦ કલાકે ફોરેન્સીક યુનિવર્સિટી, ગાંધીનગરના અપર ઓડિટોરિયમ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

## કેએસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનના પૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા
# સ્વરસંધ્યા કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગરના બીએડ, ઍમએડ, ઍમફિલ અને પીઍચડીના પૂર્વ તાલીમાર્થીઓનો કૉલેજ સાથેનો સેતુ મજબૂત બનતો રહે તેમજ કૉલેજ અને પૂર્વ વિદ્યાર્થીઓ એકબીજાને અરસ-પરસ મદદરૂપ થાય તે હેતુથી પૂર્વ તાલીમાર્થી મંડળ ચાલી રહ્યું છે, તે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. આવી જ એક પ્રવૃત્તિના ભાગરૂપે શનિવારે સાંજે કૅમ્પસમાં સ્થિત શેઠશ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે સ્વર સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન પ્રૉ. વીણાબેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને કૉલેજમાં ચાલતી વિશિષ્ટ પ્રવૃત્તિઓ તથા કૉલેજમાં થયેલા વિવિધ પ્રૉજેક્ટ્સ, કન્સલ્ટન્સી કાર્યક્રમોથી અતિથિઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૪-૧૫માં અભ્યાસમાં અગ્રતા પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મૅડલ અને પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા.

ધૃતિબેન ઓઝા, દિપેશભાઈ દેસાઈ દ્વારા હિન્દી-ગુજરાતી ગીતોની પેશકશ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫





કલોલ તાલુકાની ગ્રીન સ્કૂલ એવી નારદીપુર કુમારશાળા ખાતે ઓઍનજીસી તરફથી મળેલા અનુદાનમાંથી તૈયાર કરવામાં આવેલી અદ્યતન કમ્પ્યુટર લૅબનું ઉદ્‌ઘાટન તથા શાળાનો વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઓઍનજીસીના મુખ્ય હોદ્દેદાર માથુરભાઈ, ઉમેશભાઈ પાંડે, શૈલેષભાઈ શાહ, બિશ્વાસભાઈ, શશીપ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયતના સરપંચ રાજેન્દ્રભાઈ પટેલ, પી ઍમ પટેલ, હિતેશભાઈ પટેલ (તાલુકા પંચાયત ઉપપ્રમુખ), નરેન્દ્રભાઈ પટેલ (મંત્રી, નારદીપુર કેળવણી મંડળ), કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નીરુબેન, બીઆરસી કલોલ મુકેશભાઈ ભુરિયા તથા ગામના અગ્રણી નાગરિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નારદીપુર કુમાર અને કન્યા શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને આગંતુકોનાં દિલ જીતી લીધાં હતાં. બાળકોને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. સંસ્થા તરફથી ઓઍનજીસીને સન્માનપત્ર તથા શિલ્ડ આપીને તેનું ઋણ સ્વીકાર કરવામાં આવ્યું હતું.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

**'મારો મિત્ર - મારો હમદમ'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# મારા પપ્પા એટલે સંસાર દરિયામાં છૂપાયેલું અણમોલ મોતી

## પપ્પાના મૂડનો ગ્રાફ મારા મૂડ પર આધારિત હોય છે : ક્યારેય કોઈ મૂંઝવણ આવી પડે તો પપ્પાને યાદ કરવાના, મૂંઝવણનો હલ તરત મળી જાય

**સંવેદના**
**મારા પપ્પા એટલે મારા પપ્પા**

મારા બાપુજી એ મારા જીવનનો આદર્શ છે, મારા જન્મનું ગૌરવ છે.

ચક્ષુ અને દેહદાતા મારા બાપુજીએ ૮૩ વર્ષનું જીવન જીવી જાણ્યું. તેઓ નારદીપુર અને સરઢવ ગામમાં શિક્ષણ લઈને અમદાવાદ સ્થાયી થયા. અમ ચાર ભાઈ-બહેનોના અભ્યાસ અને ભરણ-પોષણ માટે દિવસના ૧૬ કલાક સખ્ત મહેનતવાળી નોકરી કરી. નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ ગાંધીજીને આદર્શ માનીને જીવન જીવ્યા, પરંતુ અમને કંઈ ઓછું આવવા ન દીધું. ગાંધીજીના નવજીવન પ્રેસની નોકરી દરમ્યાન તેમણે ઘણી સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરી, તેમની ઈમાનદારી અને વફાદારીને કારણે ઘણી સંસ્થાઓ દ્વારા સન્માનિત થયા. તેમની જીવનશૈલી તથા મારી બાની કૌટુંબિક સંવાદિતા અને વ્યાવહારિક સૂઝથી મને સમાજમાં આગવું સ્થાન મળ્યું. આજે પમ મને શિવાભાઈ અને લક્ષ્મીબેનના પુત્ર તરીકે ઓળખાવાનું ગૌરવ છે.

નોકરીની નિવૃત્તિના દિવસથી કૌટુંબિક જવાબદારી અમને સોંપીને છેલ્લાં પચીસ વર્ષનું જીવન સમાજ માટે સમર્પિત કરી દીધું હતું.

મારા બાપુજી એટલે મારા બાપુજી.

**- નરેન્દ્ર શિવાભાઈ પટેલ**
**સેક્ટર-૨૬**

મારા પપ્પાએ ગ્રામ્ય સંસ્કૃતિને ભારોભાર મહત્ત્વ આપી કર્તવ્યનિષ્ઠ અને પરગજુ જીવ તથા સાચાબોલા માણસ તરીકે મુખીપણાની સાથે-સાથે ખેતીવાડીમાં પણ ખૂબ મહેનત કરી છે. ધાર્મિકતા, અબોલા જીવોની સેવા અને પર્યાવરણ પ્રત્યેનો લગાવ પણ એમનામાં જોવા મળ્યો છે. મારી ત્રણ બહેનો અને અમે બે ભાઈઓ એમ કુલ પાંચ ભાઈ-બહેનોના ઉછેર અને ઘડતરમાં તેમણે કોઈ કચાશ રાખી નથી. મારી મમ્મીને પિયર પક્ષમાં ભાઈ ન હોવાથી તે બાબતનું ક્યારેય ઓછું આવવા દીધું નથી. મારી મમ્મીના પપ્પાની સેવા પણ મારા પપ્પાએ કરી છે.

મારા પપ્પા એટલે દરેક કામની આવડત ધરાવતા ઉચ્ચ આદર્શવાદી વ્યક્તિ, એ રસોઈ પણ જાતે બનાવે અને એટલી સ્વાદિષ્ટ કે ખાધા જ કરીએ. અમને સંસ્કારોનું ભાથું આપી તેઓ અટક્યા નથી, અમારાં સંતાનોને પણ એ જ ભાથું તેઓ પિરસી રહ્યા છે. મારાં મમ્મીની છેલ્લા દિવસોમાં એમણે ભરપૂર સેવા કરી છે. આજે હું જે કાંઈપણ છું તે મારા પપ્પાને કારણે છું. પરમેશ્વરને પ્રાર્થના કરું છું કે મને દરેક જન્મે આ જ પપ્પા મળે. મારા પપ્પા એટલે મારા પપ્પા.



**- ખોડાભાઈ બી પટેલ 'ધર્મેશ'**
**નાની કડી**

મારા પપ્પા એટલે સંસાર દરિયામાં છૂપાયેલું અણમોલ મોતી. એમના વિચારોમાં દિવ્યતા, વાણીમાં મીઠાશ અને વર્તમનમાં પરોપકારીતા હતી. એમણે પોતાના જીવનમાં ઘણી મુશ્કેલીઓ વેઠી પણ સંતાનોને તેનો અણસાર સુદ્ધાં આવવા દીધો નથી. આજનું અમારું સુખી જીવન એ પપ્પાને આભારી છે. એમણે અમને એક સૂત્ર આપ્યું છે, જે અમે જીવનમાં વણી લીધું છે, 'પ્રામાણિકતા અને ગંભીરતા એ શાંત જીવનની ચાવી છે.'

નાનપણમાં પપ્પા અમને રામાયણ, મહાભારતની વાતો કહેતા અને સારાંશ સમજાવતા, સાથે મળીને સ્વાધ્યાય કરાવતા. તેઓ ગામડે ગામડે સ્વાધ્યાય કરવા ફરતા હતા. એમના થકી અનેક લોકોએ વ્યસનો ત્યજી દીધાં હતાં. જરૂરિયાતમંદોને તેઓ નિ:સ્વાર્થભાવે મદદ કરતા. શત શત પ્રણામ મારા એ મૂઠી ઊંચેરા પપ્પાને.



**- આરતી કનૈયાલાલ મહેતા**

મારા પિતા આત્મવિશ્વાસનો અખૂટ ભંડાર, મજબૂત મનોબળ ધરાવતું હિંમતવાન વ્યક્તિત્વ. હાર્ટ ઍટેક, પગનો અકસ્માત તથા લીવરની ગંભીર બીમારી પણ તેમને કુટુંબ પ્રત્યેની જવાબદારીઓ અદા કરવામાંથી રોકી ન શકી અને હજુય તેઓ એ જવાબદારી નિભાવે છે.

તેઓ શિસ્ત અને નિયમિતતાના પહેલેથી આગ્રહી. તેમણે પોતાની સફળતાનું શ્રેય મારાં માતાની ભક્તિ અને કરકસરને આપ્યું છે.

મારી ભગવાનને પ્રાર્થના છે કે આ પિતા મને દરેક જન્મમાં મળે.

**- ધર્મેશરાય મહેતા**

જિતેન્દ્ર રામી - એ મારી લાઈફના હીરોનું નામ, મારી દુનિયાનું નામ.

મારા પપ્પા ખૂબ મહેનતુ, ગામડામાં રહીને ખૂબ મહેનત કરી. એમને ફૂલોનો ધંધો, ફૂલો ચૂંટીને મોટાભાઈને મદદ કરે અને સ્કૂલે જાય. ભણતા ભણતા નાની ઉંમરમાં જ કંપાઉન્ડર તરીકે પણ નોકરી કરી, સંબંધો પણ ઊભા કર્યા.

પપ્પાએ અમને ક્યારેય દીકરી જેવું લાગવા નથી દીધું, ખૂબ જ વહાલ કર્યું છે. અમે ભણ્યા, સંગીતમાં નામ કાઢ્યું, પારિતોષિકો મેળવ્યાં એ બધું જ પપ્પાને આભારી. એમની પાસેથી અમે કુટુંબ વત્સલતા અને મહેનતના પાઠ શીખ્યા છીએ.

ક્યારેય કોઈ મૂંઝવણ આવી પડે તો પપ્પાને યાદ કરવાના, મૂંઝવણનો હલ તરત મળી જાય... એવા મારા પપ્પાને બસ એટલું જ કહીશ : આઈ લવ યુ, પપ્પા.

**- દર્શના જે રામી**

મારા પિતાશ્રી સવારે ઊઠતાં જ શિવ સ્મરણ કરતા અને તેમના પિતાશ્રીની તસવીરનાં દર્શન કરતા. સવારે બે કલાક પૂજાપાઠમાં ગાળતા. તેઓ સ્વાશ્રયી હતા, સ્વચ્છતાના ખૂબ આગ્રહી. કોઈપણ કામ ચીવટથી કરતા. પુસ્તકોને પૂંઠા એટલી સરસ રીતે ચડાવે કે વર્ષો સુધી પુસ્તક જળવાઈ રહે. ઘરમાં કોઈને પણ વહેલા ઊઠવાનું હોય તો બાપુજીને કહીને નિરાંતે સૂઈ જાય, વહેલા ઊઠાડવાનું કામ બાપુજીનું.

તેઓ તેમના શહેરના વિદ્વાન શાસ્ત્રી (જ્યોતિર્વિદ) હતા. પ્રખર ખગોળવિદ હતા. ખગોળશાસ્ત્રમાં તેમણે સંશોધન કરી ખગોળ ગ્રંથોનું ગૌરવ ઉજાગર કર્યું છે. તેઓ તેજસ્વી બ્રાહ્મણોને એકત્રિત કરી તેમનું મંડળ રચીને પોતાનું જ્ઞાન વહેંચતા રહેતા. તેમણે જીવનમાં ખૂબ કષ્ટ વેઠ્યું. મેં મારી નોકરીના પ્રથમ ત્રણ પગાર એકસાથે એમના હાથમાં મૂક્યા ત્યારે તેમણે જે સંતોષ બતાવેલો તે મારા જીવનની ઉત્તમ ક્ષણોમાંની એક ક્ષણ હતી.

**- કે એસ ત્રિવેદી, સેક્ટર-૧ બી**

મારા પપ્પાનું વ્યક્તિત્વ એકદમ સરળ, સહજ અને પ્રેમાળ.

ઘરમાં કોઈ જોહુકમી નહીં, બધાને નિર્ણય લેવાની, પોતાનો મત જણાવવાની એકસરખી સ્વતંત્રતા. ગમે તેવી મુશ્કેલીમાં પણ ચટ્ટાનની જેમ ઊભા રહેતા પપ્પાને બાળકો અતિશય પ્રિય અને બાળકોને પપ્પા પ્રિય. કારણ કે સાંતા ક્લોઝની જેમ તેમના ખિસ્સામાં ચૉકલેટ તો હોય જ. વીસેક વર્ષ પહેલાંની વાત. અમે બંને ભાઈ-બહેન સ્કૂલમાં, પપ્પા વકીલ; બે દિવસ માટે બહારગામ ગયેલા. એમની ગેરહાજરીમાં અન્ય એક વકીલ નકવીભાઈ અને પપ્પાના આસીસ્ટન્ટ વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થઈ અને વાત એટલી વધી ગઈ કે બે દિવસમાં તો હિન્દુ-મુસ્લિમ સામસામે આવી ગયા. કોમી તંગદિલી જેવું વાતાવરણ થઈ ગયું. અમે પણ ચિંતામાં હતા. પપ્પા ઘેર આવ્યા. સાંજે કૉર્ટના મેદાનમાં મળવાનું નક્કી થયું હતું, લોકો તમાશો જોવા એકત્ર થયા હતા. પપ્પા મેદાનમાં પહોંચ્યા અને નકવીભાઈને ભેટી પડ્યા... વાત ત્યાં જ ખત્મ થઈ ગઈ !

ખરેખર, મારા પપ્પા એટલે મારા પપ્પા.

**- કિનાર જે રાણા, સેક્ટર-૨ સી**

શ્રી હેમચંદ્ર થોરાત - મારા પિતા ૭૫ વર્ષે પણ ફિટ ઍન્ડ ફાઈન... સવારે પાંચ વાગ્યે લીંબુ-મધ-પાણીથી દિવસની શરૂઆત... ખુશનુમા સવારમાં રસ્તા પર ચાલતાં, ગીતો ગાતાં... યોગ-પ્રાણાયામ કરવું એ એમને ગમે. એમને સાહિત્યનો એટલો તો શોખ કે ઍમ ઍસ યુનિવર્સિટીના લાયબ્રેરી મોઢે અને શિવાજી મહારાજનો ઈતિહાસ ખૂબ સંભળાવતા. ખાવાનો ને ખવડાવવાનોય શોખ, ક્યારેક જાતે ભજિયાં બનાવી ખવડાવે. મારા માટે તેઓ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બની રહ્યા. અરે શંભુ.... એમનું મને સંબોધન હજુય થતું હોય એવો આભાસ છે.



**- વિશાલ હેમચંદ્ર થોરાત**

જન્મથી માંડી જીવનની ચઢતી-ઉતરતી કોઈપણ ક્ષણ હોય ત્યાં સુરક્ષારૂપી કવચની જેમ ઢાલ બની પ્રેમ, લાગણી આપી તેના જીવનની નૈયા પાર કરાવવાની જવાબદારી નિભાવવી અને તેને કોઈપણ આંચ આવ્યા વિના પાર લગાવવી એવી વ્યક્તિ એટલે મારા પપ્પા. મારા માટે પપ્પા એટલે મારી સાથે ચાલનાર, મારી આંગળી પકડીને મારું રક્ષણ કરનાર, મને જ્ઞાન આપનાર, મારા ભવિષ્યને ઘડનાર, કોઈપણ પડકારને પાર પાડનાર, પ્રેમ અને હૂંફ આપનાર, મારી વેદના અને વાચાને સમજનાર મારા ભગવાન.

થેંક્યુ પપ્પા, તમારું ઋણ હું ક્યારેય ચૂકવી નહીં શકું. આઈ લવ યુ પપ્પા.




**- અશોકકુમાર શંભુજી ઠાકોર**

મારો પહેલો આઈકોન મારા માટે મારા પપ્પા છે. મારા ખભા ઉપર હાથ રાખીને જ્યારે મારા પપ્પા મને "મારો મોટો દિકરો" કહીને બોલાવે ત્યારે મારા આંખમાં ઝળઝળીયા આવી જાય અને છાતી ગદગદ ફુલી જાય છે કે હું મારા પપ્પાનો મોટો દિકરો છું. ચપટી વગાડતાં જ મારા બધા દુ:ખ-દર્દ ગાયબ થઈ જાય છે. બાળપણથી માંડીને અત્યાર સુધીના મારા જીવનપથ પર ઘણાં ખાડા-ટેકરાં અને બમ્પ આવ્યા છે પણ તેઓ મારા પ્રત્યેક કદમની સાથે ચાલ્યા છે. તેઓએ મને બોલતાં શિખવાડ્યું છે, ચાલતાં અને વાંચતા પણ શિખવાડ્યું છે અને સપનાંઓ જોતાં અને સાકાર કરવા માટે મહેનત કરતાં પણ શિખવાડ્યું છે.

મારા પપ્પા મારા કારણે ચૂપ રહેવાનું પસંદ કરે છે અને હું એમના વતી બોલવાનું પસંદ કરું છું.

તેઓ કપરા સમયમાં હંમેશા મારી સાથે રહી મારો સથવારો બન્યા છે. તેઓએ મને કયારેય હિંમત હારવા દીધી નથી કે ક્યારેય આશા છોડવા દીધી નથી. પપ્પા તરફથી ક્યારેય કંટાળો દર્શાવાયો હોય એવું મને યાદ આવતું નથી. ઓફિસથી થાકી-પાકીને ઘરે આવતાં અને હું કહેતી કે પપ્પા અહીં જવુ છે ત્યાં જાવું છે. આ વસ્તુ લઈ આપો પેલું લઈ આપો તો મારા માટે હંમેશા તૈયાર જ હોય. પપ્પા આજેય તેમના તમામ દુ:ખ, દર્દ, થાક, કંટાળો બધું જ ભુલીને મારી સાથે મારી દુનિયા બનીને રહે છે. એમના મુડનો ગ્રાફ મારા મુડ પર આધારિત હોય છે. આ બધું પપ્પાથી વિશેષ કોઈ ના કરી શકે. પપ્પા મારી વિકનેસ નથી પણ મારી સ્ટ્રેન્થ છે. તેઓ મારા શ્રેષ્ઠ મિત્ર છે, મારા ફિલોસોફર અને મારા માર્ગદર્શક પણ છે અને જીંદગીભર રહેશે. હું જે કાંઈ છું એ માત્ર મારા મારા-માતાને કારણે જ છું. તેના માટે હું જીંદગીભર એમની ઋણી રહીશ. જન્મો-જન્મ મને આ જ માતા-પિતા મળે એવી જ હું ભગવાનને પ્રાર્થના કરું છું.



**- શ્રદ્ધા પંડ્યા**

મારા પપ્પા દરરોજ સવારે વહેલા ઊઠે, હું શાળાએ જાઉં ત્યારે બસ સ્ટોપ પર મને મૂકવા આવે. શાળાએથી પાછો આવું ત્યારે સાથે રમવા માટે મારી રાહ જુએ. સાંજે અમે સૌ સાથે જમીએ અને અલકમલકની વાતો કરીએ. સાથે બસાન ટાવા પણ જાઇએ ન હુ ઘરમા પપ્પા સાથે ક્રિકેટ પણ રમું. રીઝલ્ટ સારું આવે ત્યારે પપ્પા પાર્ટી આપે. મારા પપ્પા હંમેશાં બીજાને મદદ કરવા તૈયાર. મને મોટા થઈને પપ્પા જેવા બનવું ગમશે.



**- દ્વિજ મનિષ સુખડિયા**

પિતાજી તમે મને પ્રિય લાગો
ગુલાબ જેમ ગણપતિ લાગો
આંખો જેમ તેજસ્વિ લાગો
ફળિયામાં જેમ પ્રેમ ગૂંજે
ત્યારે જે રંગ અને આનંદ આવે
આવા તમે મને લાગો
મોતી જેવા નિર્મળ
સાગર જેવા પ્રેમાળ
શંકરાચાર્યની જેવા તપસ્વિ
ચાણક્ય જેવા બુદ્ધિમાન
વિષ્ણુ જેવા શાંત
આવા તમે મને લાગો
તમે જ મારા પિતા
તમે જ મારા પ્રેરણામૂર્તિ
તમે જ મારા શિક્ષક
તમે જ મારા જ્ઞાનના દિપક
મારી માટે તમે જ મારી દુનિયા
આવા તમે મને લાગો



**- શર્વિલ શ્રીકાંત પંડિત**